Seat No. : _______________

# MH-217

**May-2025**

**B.A., Sem-II**

**Major-DSC-C-GUJ.-121 : Gujarati**

**(પદ્ય : પ્રશિષ્ટ ગુજરાતી કાવ્ય ઝલક : સંપાદક : ચંદ્રકાન્ત શેઠ)**

**(As per NEP 2020)**

**Time : 2:00 Hours]** **[Max. Marks : 50**

1. ઊર્મિકાવ્યની વ્યાખ્યા આપી, તેના વ્યાવર્તક લક્ષણોનો પરિચય કરાવો. **10**

**અથવા**

1. ઊર્મિકાવ્ય સાહિત્ય સ્વરૂપનો ઉદ્‌ભવ અને વિકાસક્રમ આલેખો. **10**

2. કવિ નર્મદના જીવનનો પરિચય આપી, 'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્ય ઝલક' – સંગ્રહના કવિના અભ્યાસક્રમ આધારિત કાવ્યોની રસલક્ષી સમીક્ષા કરો. **10**

**અથવા**

2. કવિ દલપતના 'ઊંટ કહે' અને 'પુરી એક અંધેરીને ગંડુ રાજા' – કાવ્યોનો રસાસ્વાદ કરાવો. **10**

3. કવિ કાન્તના જીવનનો પરિચય આપી, તમારા અભ્યાસક્રમમાં આપેલા કાવ્યોને આધારે કવિ કાન્તની સિદ્ધિઓ જણાવો. **10**

**અથવા**

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **10**

   (1) 'નાયકનું પ્રાયશ્ચિત : મોગરો' સૉનેટનું રસદર્શન

   (2) 'ભણકારા' કાવ્યનું સૉનેટ કાવ્ય તરીકે મૂલ્યાંકન

   (3) ન્હાનાલાલના કાવ્યોની ભાષા સજ્જતા

   (4) 'હરિનાં દર્શન' કાવ્યમાં પ્રભુભક્તિ

સૂચના : (માત્ર અંધ વિદ્યાર્થીઓ માટે)

4. પ્રૂફ વાચન એટલે શું ? પ્રૂફ વાચકના આવશ્યક ગુણોનો પરિચય કરાવો. **10**

**અથવા**

4. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો : **10**

(1) પ્રૂફ વાચનના વિવિધ પ્રકારો

(2) પ્રૂફ વાચનની જરૂરિયાત

(3) પ્રૂફ રીડિંગની પદ્ધતિઓનો પરિચય

(4) કોશના વિવિધ પ્રકારોનો પરિચય

4. **સૂચના** : મૂળ પરિચ્છેદના આધારે ભૂલોવાળા પરિચ્છેદનું (પેજ નં. 7 પર આપેલું પ્રૂફ રીડિંગ કરો.)

(1) મૂળ પરિચ્છેદ : **10**

સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે. પણ તે ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજના પૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે. જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતાં આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એટલે પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.

**અથવા**

(2) મૂળ પરિચ્છેદ : **10**

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી ? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે, સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો તજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે, તેઓ ગમે તે સ્થિતિમાં હોય, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહિ. જે બીજા માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

5. નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો : (કોઈપણ **દસ**) **10**

(1) 'પ્રશિષ્ઠ ગુજરાતી કાવ્ય ઝલક' – ખંડ-2 ના સંપાદક ચંદ્રકાન્ત શેઠના પિતાનું નામ શું છે ?

(a) ત્રિકમલાલ

(b) મનહર શેઠ

(c) કનૈયાલાલ શેઠ

(d) મનોહર શેઠ

(2) નીચેનામાંથી દલપતરામના કયા કાવ્યમાં કલાની વાત કરવામાં આવી છે ?

(a) ના હઠવું

(b) શરણાઈવાળો

(c) ઊંટ કહે

(d) કબીર વડ

(3) નર્મદે ઈ.સ. 1858માં શાનો વ્યવસાય છોડી કલમના ખોળે માથું મૂક્યું હતું ?

(a) પત્રકાર

(b) અધ્યાપક

(c) શિક્ષક

(d) કારકુન

(4) નર્મદનું ગુજરાતના જય જયકારની ઉદ્‌ઘોષણા કરતું સર્વસ્વીકૃત ગૌરવ ગીત કયું છે ?

(a) ઊંટ કહે

(b) આ તે શા તુજ હાલ ? !

(c) અવસાન સંદેશ

(d) જય ! જય ! ગરવી ગુજરાત !

(5) 'સનમની શોધ' અને 'આપની યાદી' ગઝલના કવિનું નામ જણાવો.

(a) નર્મદ

(b) દલપતરામ

(c) કાન્ત

(d) કલાપી

(6) "ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં" – કલાપીના કયા કાવ્યની પંક્તિ છે ?

(a) ઊંટ કહે

(b) સનમની શોધ

(c) ગ્રામમાતા

(d) આપની યાદી

(7) 'સાગર અને શશી' અને 'ઉપહાર' કાવ્યોના કવિનું નામ જણાવો.

(a) દલપત

(b) કાન્ત

(c) કલાપી

(d) નર્મદ

(8) કાન્તનું ગુજરાતી કાવ્ય સાહિત્યનું પણ ગુણવત્તાની દૃષ્ટિએ સર્વોત્તમ ખંડકાવ્ય કયું છે ?

(a) વસંતવિજય

(b) ઉપહાર

(c) ગ્રામમાતા

(d) કબીરવડ

(9) 'રસજ્યોત' અને 'વિરાટનો હિંડોળો' કાવ્યોના કવિનું નામ જણાવો.

(a) નર્મદ

(b) ન્હાનાલાલ

(c) કલાપી

(d) કાન્ત

(10) ન્હાનાલાલના કયા કાવ્યમાં સાચા ભક્તની ભગવાન દર્શન માટેની આરત પ્રગટ થઈ છે ?

(a) કલાપીને સંબોધન

(b) આપની યાદી

(c) હરિનાં દર્શન

(d) વસંતવિજય

(11) 'ભણકારા' અને 'વધામણી' કાવ્યોના કવિનું નામ જણાવો.

(a) નર્મદ

(b) કાન્ત

(c) કલાપી

(d) બ.ક. ઠાકોર

(12) ગુજરાતી કવિતામાં કયા કાવ્ય પ્રકારને પ્રતિષ્ઠિત કરવામાં કવિ બ.ક. ઠાકોરનો મહત્ત્વનો ફાળો છે ?

(a) ગઝલ

(b) હાઈકું

(c) ગીત

(d) સૉનેટ

4. **સૂચના :** મૂળ પરિચ્છેદનો આધાર લઈને નીચે આપેલા કોઈપણ **એક** ભૂલોવાળા પરિચ્છેદમાં પ્રૂફ રીડિંગની નિશાનીઓ-ચિહ્નો દર્શાવી પ્રૂફ રીડિંગ કરો અને પ્રૂફ રીડિંગ ભૂલોવાળા પરિચ્છેદવાળું પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો. (ઓછામાં ઓછી કોઈપણ દસ (10) ભૂલો સુધારવી આવશ્યક છે.)

**કેન્દ્ર :** ____________ **પરીક્ષાર્થીનો બેઠક નં. :** ____________

**નિરીક્ષકની સહી :** ____________ **તારીખ :** ____________

(1) ભૂલોવાળો પરિચ્છેદ : **10**

સમય ની મૂડિ તો દરેક પાસે સરખીજ હોય છે. પણ તે ખચવામાં તફાવત હોય છે એક વ્યક્તી તેને કરકસરથી યોજના પૂવક, વ્યવસ્થિત રીતે ખર્ચ છે. જ્યારે બીજી વ્યકિત તેને આદેધડ અને અવીચારીપણે વેડ ફી નાખે છે. પરિણામે એકને સંતોસ અને સફળતા મળ છે. બીજાને થાક અને નિષ્ફળતા જે વ્યકિતને પાતાનો સમ ય વાપરતાં આવડતું નથી, તેને કશુ જ વાપરતા આવડતું નથી. જો ઠમારી પાસે મર્યાદીત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવા સમય કોઈને મળી શકતો ન થી. એટલે જે માનવ પોતાન સમયની વધુમાં વધુ બચત કરી શકે, તે ની પાસે વધુ મમય જમા થઈ શકે અને જેનિ પાસે સમય જમા થાય તેનિ પાસે શકતિ પણ જમા થાય. સસય અને શકિત ભગા થાય અટલ પછી શુ ન કરી શકે ? એ ધારે તે કર સકે.

**અથવા**

(2) ભૂલોવાળો પરિચ્છેદ : **10**

વૃક્ષો અ નના સૂખને માટે છાયડો આપ છ. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠિને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારિ મનુષ્યો એવા જ હોય છે. એ આ નાસવંત કાયાનો ઉપયોગ પરોપકાર્થે ન થવાનો હોત તો તેની ઉપયોગીતા શી ? સુખડ જેમ વધારે ધસાય તેમ વધારે સુગંધ આપે, સોનુ જેમ વધારે તપે તેમ વધારે ચલકાટ ધારણ કરે, ઉદાર મનુષ્યો પ્રાણા તે પણ પોતાના સદ્ગુણો તજતા નથી. જગત તેમની ઈસ્તુતિ કર કે ન કરે, તેઓ ગમે તે સ્થિતીમાં હ, પરંતુ તેઓ પોતાના મારગમાંથી ચકિત થશે નહિ. જે બીજા માટે જવતો નથ તેનું જી વન નિરથક છે જીવવા ખાતે જીવવું એ તો કાગડા-કુતરાનું જીવન. તેઓ સૃષ્ટિ કલ્પાનમાં પ્રાણ પથારે છે તેયો પોતનું જીવન સારથક કરે છે.